**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૫ ફેબ્રૂઆરી ૨૦૧૧**

## 'મમતા' મુંબઈની સાવકી માતા : રામ નાઈક

**મુંબઈ,શુક્રવાર :** "રેલ્વેપ્રધાન કુ.મમતા બૅનર્જી મુંબઈની સાવકી માતાની જેમજ આ બજેટમાં વર્ત્યા છે. મુંબઈના સિત્તેર લાખ ઉપનગરવાસીઓ ની જીવાદોરીસમી એમયુટીપી - ૧ યોજના કયારે પૂર્ણ થશે અને એમયુટીપી - ૨ નું સમયપત્રક કયારે નકકી થશે તે બદ્દલ તેઓ બજેટમાં કશું જ બોલ્યા નથી." આ મુજબની પ્રતિક્રિયા માજી રેલ્વે રાજયપ્રધાન (સ્વતંત્ર પ્રભાર) રામ નાઈક એ રેલ્વે બજેટ બાદ કરી છે.

પશ્ચિમ રેલ્વેના વિરાર - દહાણુ માર્ગ પરની ઉપનગરી ટ્રેનો શરૂ કરવાની તારીખ તેઓ જાહેર કરશે તેવી મુસાફરોની અપેક્ષા હતી જે પોકળ ઠરી છે. એમયુટીપી - ૧ મુજબ ૧૨ ડબ્બાની સર્વ ટ્રેનો ડિસેંબર ૨૦૦૯ માં થનાર હતી તેનું સુધારીત સમયપત્રક પણ તેમણે કહ્યું નથી.

"રેલ્વેની બગડેલી આર્થિક સ્થિતી પાટા પર કેમ લાવશે તે વિષે પણ સ્પષ્ટ દિશાનિર્દેશ બજેટમાં દાખવવામાં આવ્યા નથી. તેથી અનેક પ્રકલ્પો ની ઘોષણા થઈ તોયે તે કઈ રીતે પૂરા થશે તે યક્ષ પ્રશ્ન છે." તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું.

**( કાર્યાલય સચિવ )**